Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# કાશીનો પ્રાચીન ઈતિહાસ અને જ્ઞાનવાપી

ડૉ. રાજેશ ચૌહાણ

એસોસિએટ પ્રોફેસર

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.

**પ્રસ્તાવના** : કાશી એ ભારતના સૌથી પ્રાચીન અને આધ્યાત્મિક શહેરોમાનું એક છે, જે અસ્પષ્ટ છબીઓ અને રહસ્યમય સવારથી મનમોહક અને આત્માને સ્પર્શે છે. વિશ્વના પ્રાચીન નગરો ઇજિપ્ત (મિસ્ર), બગદાદ, તેહરાન(ઈરાન), રોમ, એથેન્સ, જેરૂંસલમ, બાઇબ્લોસ(લેબનાન), જેરિકો(ફિલિસ્તિન), લોનાન, મોસુલ વગેરે નગરો સાથે જ કાશી પણ પ્રાચીન નગર છે. શહેર અને નગરોના વસવાટના અત્યાર સુધીના મળેલા પુરાવાના આધાર પર એશિયાનું સૌથી પ્રાચીન શહેર વારાણસીને માનવામાં આવે છે.

ઇતિહાસકાર ડો. શશીભૂષણસિંગ અનુસાર 'કાશી' શબ્દ સૌ પ્રથમ 'અર્થવવેદ'ની પૈપ્પલાદ શાખાથી આવ્યો અને બાદમાં 'શતપથ'માં જોવા મળે છે. 'મહાભારત', 'રામાયણ', 'મત્સ્યપુરાણ', 'ઉપનિષદકાળ'માં કાશી બ્રહ્મ જ્ઞાનનું મખ્ય કેન્દ્ર હતું. 'બૌદ્ધ-જાતક' કથાઓમાં ભિન્ન – ભિન્ન નામનો ઉલ્લેખ જોવા મળે છે.

**કાશીનો ઈતિહાસ અને વિભિન્ન સમયે કાશી પર આક્રમણ**: પાછલા એક હજાર વર્ષમાં ચાર થી વધુ વાર કાશી વિશ્વનાથ મંદિરનું નામો-નિશાન મિટાવવાના પ્રયત્નો થયા અને આક્રાંતાઓ ત્રણથી વધુ વખત તેમાં સફળ પણ થયા પરંતુ દર વખતે તેનું પુનઃ નિર્માણ કે માવજત થયું છે. ચીની યાત્રી હયુનસાંગ અનુસાર એ સમયે કાશીમાં સો મંદિર હતા પરંતુ જેહાદી આક્રમણકારીઓએ અનેક મંદિર તોડીને મસ્જિદનું નિર્માણ કર્યું હતું.

ઈતિહાસના પાનાઓ પર નજર કરતા જાણીતા ઈતિહાસકાર ડો. રવિ ભટ્ટ અનુસાર કાશી વિશ્વનાથ મંદિર ૯મીથી ૧૦મી સદીની વચ્ચે પ્રમાણિત થાય છે અને ૧૪મીથી ૧૭મી સદીની વચ્ચે તેનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું.

ઇ.સ. ૧૧૯૪ની આસપાસ કાશી વિશ્વનાથ મંદિરને કુતુબુદ્દીન એબકે લુંટ્યું અને નુકસાન પહોંચાડ્યું. આ પછી એક ગુજરાતી વેપારીએ તેનું પુનઃનિર્માણ કરાવ્યું હતું. , ઇ. સ. ૧૪૪૭માં જૌનપુરના સુલતાન મહમુદ શાહે બીજું આક્રમણ કરી સંપૂર્ણ ધ્વસ્ત કર્યું. આ પછી ૧૫મી સદીમાં સિકંદર લોદીએ ફરીથી મંદિરને નુકસાન

પહોંચાડ્યું. લેખક **ડો. એ. એસ. ભટ્ટ** પોતાના પુસ્તક "**દાન-હારાવલી**'માં ઉલ્લેખ કરે છે કે, ઇ. સ. ૧૫૮૫માં અકબરના નૌ રત્નમાંના ટોડમરલે મંદિરનું પુનઃનિર્માણ કર્યું. ૧૬૩૨માં શાહજહાંના આદેશ અનુસાર વિશ્વનાથ મંદિર તોડવાનું કહ્યું. હિંદુ સેનાના પ્રબળ પ્રતિરોધના કારણે કેન્દ્રીય મંદિર તોડી ન શકાયું પરંતુ કાશીના અન્ય ૬૩ મંદિર તોડી પાડવામાં આવ્યા.

ઈતિહાસકાર ડૉ. રવિ ભટ્ટ અનુસાર તેમજ ઈતિહાસકાર એલ.પી.શર્મા તેમના પુસ્તક 'મધ્યકાલીન ભારત'ના પૃષ્ઠ ૨૩૨ પર લખે છે, "૧૬૬૯માં સુબેદારોને અને મુસાહિબને હિંદુ મંદિરો અને શાળાઓને તોડી પાડવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સાકી મુસ્તેદ ખાને ફારસી ભાષાનો ઇતિહાસ 'માસીર-એ-આલમગીરી' ( ઇ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ પછી તરત જ લખાયેલો)માં પણ આ વાતનો ઉલ્લેખ કરેલો. આ આદેશ એશિયાટિક લાઈબ્રેરી કોલકત્તામાં આજે પણ સુરક્ષિત છે.

આ પછી ૧૭૪૨માં રાજા હોલકરે મંદિર બનાવવાનો પ્રયાસ કર્યો પરંતુ તે સમયે અવધ પર નવાબનું શાસન હતું. આવી સ્થિતિમાં નવાબોના કારણે મંદિરનું નિર્માણ થઈ શક્યું નથી. પછીથી ૧૭૫૦માં એક હિન્દુ રાજા જયસિંહે આસપાસની જમીન ખરીદીને મંદિરના જૂના સ્વરૂપને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તે નિષ્ફળ ગયો. ઇતિહાસકાર રવિ ભટ્ટ અનુસાર ૧૭૮૦માં અહલ્યાબાઈએ મંદિરના સ્વરૂપને પુનઃસ્થાપિત કરવાનું કામ કર્યું હતું.

૧૮૧૦માં બનારસના મેજીસ્ટ્રેટ મિસ્ટર વોટસને ' વાઈસ પ્રેસીડેન્ટ ઇન કાઉન્સિલ' ને એક પત્ર લખી જ્ઞાનવાપી જગ્યા હિન્દુઓને હંમેશા સોપી દેવાનું કહ્યું હતું પરંતુ તે ક્યારેય સંભવ ન બની શક્યું. ૧૮૨૯-૩૦ માં ગ્વાલિયરની મહારાણી બૈજાબાઈએ જ્ઞાનવાપી મંડપ બનાવ્યું અને મહારાજા નેપાલે ત્યાં વિશાળ નંદી પ્રતિમા સ્થાપિત કરી. ૧૮૩૩માં જ્ઞાનવાપી દિવાલ બનાવવામાં અને ૧૮૩૫માં રાજા રણજીતસિંહે મંદિરમાં એક કિલો

સોનું દાન કર્યું હતું.

૧૮૮૩-૮૪માં જ્ઞાનવાપી મસ્જિદનો ઉલ્લેખ મહેસૂલ દસ્તાવેજોમાં જામા મસ્જિદ જ્ઞાનવાપી તરીકે દાખલ થયો. ૧૯૩૬માં દાખલ એક કેશના ૧૯૩૭માં ચુકાદા અનુસાર જ્ઞાનવાપી મસ્જિદ તરીકે સ્વિકાર કરવામાં આવ્યો. બીજી તરફ પ્રખ્યાત ઈતિહાસકાર ડૉ. અનંત સદાશિવ અલ્ટેકર દ્વારા ૧૯૩૬માં પ્રકાશિત થયેલા પુસ્તક 'હિસ્ટ્રી ઑફ બનારસ'માં તેનો ઉલ્લેખ ઉપરાંત ઇસ્લામિક આક્રમણકારો દ્વારા હિંદુ ધાર્મિક સ્થળોના વિનાશની વિગતો પણ છે. નારાયણ ભટ્ટ દ્વારા લખાયેલ **પુસ્તક 'ત્રિસ્થલી સેતુ'માં** પણ જ્ઞાનવાપીનું વર્ણન કરવામાં આવ્યું છે.

૧૯૮૪માં વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રવાદી સંગઠનોએ સાથે મળી મસ્જિદના સ્થાન પર મંદિર બનાવવાના ઉદેશ્યથી રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવ્યું.

**જ્ઞાનવાપી કેમ કહેવાય?** જ્ઞાનવાપી બે શબ્દો જ્ઞાન + વાપીથી બનેલ છે જેનો અર્થ છે જ્ઞાનનું તળાવ. રાકેશ જહા નામના એક સંશોધક/અભ્યાસુ પોતાના એક લેખમાં જણાવે છે કે, વાસ્તવમાં સંકુલની અંદર એક કૂવો છે જેને પછીથી જ્ઞાનવાપી મસ્જિદ કહેવાય. સ્કંદ પુરાણ અનુસાર ભગવાન શિવે સ્વયં પોતાના ત્રિશૂળથી લિંગ અભિષેક કરવા માટે આ કૂવો બનાવ્યો હતો. એવું માનવામાં આવે છે કે, આ કૂવાનું પાણી ખૂબ જ પવિત્ર છે અને તેને પીવાથી જ્ઞાન મળે છે. જ્ઞાનવાપીનું જળ કાશી વિશ્વનાથને અર્પણ કરવામાં આવ્યું હતું.

**શું છે જ્ઞાનવાપી મસ્જિદ વિવાદ?** પુરાતત્ત્વ વિભાગના અહેવાલ અનુસાર મસ્જિદના એક રૂમની અંદર મળેલા અરબી-ફારસી શિલાલેખમાં ઉલ્લેખ છે કે, મસ્જિદ ઔરંગઝેબના ૨૦માં શાહી વર્ષમાં (ઇ.સ. ૧૬૭૬-૭૭) બનાવવામાં આવી હતી. ઈતિહાસકાર ઓડ્રે ટ્રુશકે લખ્યું છે કે, ઔરંગઝેબે મંદિર (વિશ્વેશ્વર)નો મોટો ભાગ તોડી નાખ્યો હતો.

**કાયદાકીય લડાઈ**: જ્ઞાનવાપી મસ્જિદ કેસ ૧૯૯૧થી ન્યાયાલયને આધીન છે. કાશી વિશ્વનાથ મંદિરના પુજારીઓના વંશજો સહિત ત્રણ લોકોએ વારાણસીના સિવિલ જજની કોર્ટમાં દાવો કર્યો હતો કે, ઔરંગઝેબે ભગવાન વિશ્વેશ્વરનું મંદિર તોડી પાડ્યું હતું. તેના પર મસ્જિદ છે તેથી આ જમીન તેમને પાછી આપવી જોઈએ.

૧૮ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ પાંચ મહિલાઓએ વારાણસીની સંલગ્ન કોર્ટમાં માતા શૃંગાર ગૌરીના મંદિરમાં પૂજા કરવાની માગણી કરતી અરજી દાખલ કરી જેને સ્વીકારીને કોર્ટે માતા શૃંગાર ગૌરી મંદિરની વર્તમાન સ્થિતિ જાણવા માટે એક કમિશનની રચના કરી. વારાણસી કોર્ટે પંચને માતા શ્રૃંગાર ગૌરી અને જ્ઞાનવાપી સંકુલની મૂર્તિની વિડિયોગ્રાફી કર્યા બાદ સર્વે રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું. હિન્દુ પક્ષે પુરાવા તરીકે કોર્ટ સમક્ષ જ્ઞાનવાપી સંકુલનો વિગતવાર નકશો રજૂ કર્યો હતો. આ નકશો મસ્જિદના પ્રવેશદ્વારની નજીક સ્થિત હિંદુ દેવતા મંદિરોની તેમજ વિશ્વેશ્વર મંદિર, જ્ઞાનકૂપ (મુક્તિ મંડપમ), અગ્રણી નંદીની પ્રતિમા અને વ્યાસ મૂર્તિ જેવા સ્થળોની હાજરીની પુષ્ટિ કરે છે. મુસ્લિમ પક્ષે આ વિવાદ પર પ્લેસ ઓફ વર્શીપ એક્ટ- ૧૯૯૧ હેઠળ કોઈ નિર્ણય આપી શકાય નહીં તેવી માંગ કરી હતી.

**ASI નું સર્વેક્ષણ અને રિપોર્ટની મુખ્ય વિશેષતાઓ શું છે?**

**ખંડિત મૂર્તિઓની શોધ** : સર્વેક્ષણ અહેવાલ અનુસાર મસ્જિદ સંકુલમાં હનુમાન, ગણેશ અને નંદી સહિત હિન્દુ દેવતાઓની મૂર્તિઓના અવશેષો સામે આવ્યા છે. શિવલિંગ, વિષ્ણુ, ગણેશ, કૃષ્ણ અને હનુમાનની મૂર્તિઓ સહિત અન્ય મૂર્તિઓ ક્ષતિગ્રસ્ત હાલતમાં મળી.

**યોનિપટ્ટ અને શિવ લિંગ**: સર્વેક્ષણ દરમિયાન શિવલિંગનો આધાર/અડધોભાગ અને અનેક યોનીપટ્ટ મળી આવી હતી. એક શિવલિંગ પણ મળ્યું જેના પાયાનો ભાગ ઉપલબ્ધ ન હતો.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**ભારતીય શિલાલેખો:** દેવનાગરી, ગ્રંથ, તેલુગુ અને કન્નડ લિપિમાં લખેલા ૩૨ લેખો મળ્યા છે. આ વાસ્તવમાં પૂર્વ-અસ્તિત્વમાં રહેલા હિંદુ મંદિરના પથ્થર પરનો શિલાલેખ છે જેને વર્તમાનમાં બાંધકામ અને નવીનીકરણ દરમિયાન પુનઃ ઉપયોગ થયો છે. સંરચનામાં પ્રાચીન શિલાલેખોનો પુનઃઉપયોગ સૂચવે છે કે અગાઉની રચનાઓનો નાશ કરવામાં આવ્યો હતો અને તેમના ભાગોનો હાલના બાંધકામ અને સમારકામમાં પુનઃઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સ્વસ્તિક અને ત્રિશુલના ચિહ્નો:** સંરચના પર સ્વસ્તિક અને ત્રિશુલ સહિત અન્ય ચિહ્નો જોવા મળ્યા હતા. સ્વસ્તિકને વિશ્વના સૌથી જૂના પ્રતીકોમાંનું એક માનવામાં આવે છે અને તેનો ઉપયોગ તમામ પ્રાચીન સંસ્કૃતિઓ દ્વારા કરવામાં આવે છે. ત્રિશૂળનું પ્રતીક (ભગવાન શિવનું વિશેષ શસ્ત્ર) સામાન્ય રીતે હિંદુઓના પ્રમુખ પ્રતીકો પ્રતીકોમાનું એક છે.

**પર્શિયન શિલાલેખ વાળા સિક્કા અને બલુઆ પથ્થર પરનું શિલાપટ્ટ** : સર્વેક્ષણ દરમિયાન સિક્કા, પર્શિયનમાં કોતરેલ બલુઆ પત્થરના સ્લેબ/શિલાપટ્ટ અને અન્ય કલાકૃતિઓ જેવી વસ્તુઓ મળી આવી છે. **શિલાપટ્ટો પર** પર્શિયનમાં શિલાલેખ મળી આવ્યો જે ૧૭મી સદીમાં મુઘલ સમ્રાટ ઔરંગઝેબના શાસન દરમિયાન મંદિરના વિનાશની વિગતો આપે છે.

**સંદર્ભ :**

૧. ડૉ. (ભટ્ટ) એ. એસ. “દાન-હારાવલી’

૨. Sharma, L. P., (2019), Medieval India (Madhyakalin Bharat), Lakshmi Narayan Agarwal.

૩. ખાન, સાકી મુસ્તેદ., ‘માસીર-એ-આલમગીરી’, ફારસી ભાષા.

૪. ૧૮૧૦માં બનારસના મેજીસ્ટ્રેટ મિસ્ટર વોટસને ‘ વાઈસ પ્રેસીડેન્ટ ઇન કાઉન્સિલ’ નો પત્ર વધુ માહિતી માટે જૂઓ. ( in the court of civil sr. Div. Judge Varanasi, Regular civil suit no- 2021)

૫. Altekar., Anant Sadashiv, (1937) History of Banaras: From the Earliest Times Down to 1937, Culture Publication House, Benares Hindu University, Uttrapradesh.

૬. ભટ્ટ, નારાયણ., આનંદાશ્રમસંસ્કૃતગ્રંથાવલી., ‘ત્રિસ્થલી સેતુ’.

૭. Narayan Bhatt (Author), Nitin Ramesh Gokarn (Editor), (2017) Kashi Sarvaprakashika, Sharada Sanskrit Sansthan.

૮. ASI Survey Report on Gyanvapi Mosque